# દેશભરના દસ હજાર દિવ્યાંગોને સહાય : મોદી

## દિવ્યાંગો માટે ખાલી ૧૪ હજાર જગ્યા ભરી દેવાઈ છે : દિવ્યાંગો માટે કોમન લેંગ્વેજનો કાયદો કરાયો



અમદાવાદ, તા.૨૨ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવલખી મેદાનમાં ઉપસ્થિત હજારો દિવ્યાંગોને સાધન સહાય વિતરણ કાર્યક્રમમાં હાજરી આપીને સંબોધન પણ કર્યું હતું. મોદીએ સાંજે પાંચ વાગ્યા બાદ પોતાના તમામ સાથીઓ પ્રત્યે આભાર વ્યક્ત કરવા સાથે કેમ છો કહીને દિવ્યાંગોને સંબોધન શરૂ કર્યું હતું. મોદીએ તમામ લોકોનો આભાર માન્યો હતો. તેમણે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે વડાપ્રધાન બન્યા બાદ બે મહત્વપૂર્ણ કામો કર્યા છે. જેમાં સરદાર સરોવર ડેમ અને વડોદરા એરપોર્ટનો સમાવેશ થાય છે. દિવ્યાંગો પ્રત્યેની થોડી જવાબદારી સરકાર તરીકે આપણી જવાબદારી છે તેવી વાત તેમણે કરી હતી. દિવ્યાંગોની જવાબદારી સંપૂર્ણ રાષ્ટ્રની જવાબદારી છે. આના માટેનો માહોલ બને તેવા પ્રયાસ કરવા મોદીએ અપીલ કરી હતી.

તેમણે એમ પણ કહ્યું હતું કે સરકારી ઈમારતો સહિતની ઈમારતોમાં અવર જવર માટે સુગમ્ય યોજના દ્વારા દિવ્યાંગોને રાહતો આપવાના પ્રયાસ થઈ રહ્યા છે. ધીમે ધીમે જાહેર જગ્યાઓ પર દિવ્યાંગો માટેની વ્યવસ્થા કરવા તમામને આંદોલન કરવું પડશે. એક વખતે દિવ્યાંગો માટે સમાજમાં જનજાગૃતિ આવે ત્યારે દિવ્યાંગ લોકો પ્રત્યે સમ્માનનો ભાવ પણ રહેશે. તેમણે એમ પણ કહ્યું હતું કે ૧૯૯૨થી સરકારના આ પ્રકારના કામોની શરૂઆત થઈ હતી. ૨૦૧૪ સુધી આ પ્રકારના માત્ર ૫૬ કામ થયા હતા. બે વર્ષમાં આ સરકારમાં સાડા ચાર હજાર આવા કાર્યક્રમો થયા છે. દેશભરમાંથી શોધી શોધીને સાડા પાંચ લાખ દિવ્યાંગોને સીધી સહાયતા આપવામાં આવી છે.

સરકારના તમામ વિભાગો સંવેદનશીલ હોય તેના ઘર સુધી પહોંચે તે માટે સરકાર પ્રયાસ કરી રહી છે. દિવ્યાંગો માટે જે સાધનો બને છે તે માટે સરકારનો એક વિભાગ છે. તે નામ માત્રનો હતો તેને આ સરકારે જીવિત કર્યો અને નવા એન્જિનિયરોની નિમણુંક કરી છે. ખાડે ગયેલી સંસ્થામાં નવા નવા સંસાધનો ઉભા કરવામાં આવ્યા છે. એક સરકાર તરીકે સમાજના આ વર્ષની પણ ચિંતા પ્રાથમિકતા સાથે કરવામાં આવી રહી છે. જેના પરિણામ સ્વરૂપે આજે સમગ્ર વિભાગ સેન્ટર સ્ટેજમાં છે. દિવ્યાંગોને નોકરી મળે તે માટે ભારત સરકારના આવ્યા પછી તપાસ કરવામાં આવી રહી છે. ખાલી જગ્યાઓ શોધી કાઢવામાં આવી હતી. આશરે ૧૪૦૦૦ ભરતી પુરી કરી લીધી છે.

બે બહેનો તેમના ભાષણને દિવ્યાંગોની ભાષામાં પણ સમજાવી રહી છે. તમામ જગ્યાએ નિશાનીની ભાષા એકસરખી મળે તે માટે સરકારે આવીને કોમન લેંગ્વેજ કરવાનો કાયદો કર્યો છે. આ કામ પણ પહેલા થયું ન હતું. નરેન્દ્ર મોદીએ સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી વિવિધ યોજનાઓનો ઉલ્લેખ કર્યો હતો. જેમાં પાંચ કરોડ કુટુંબોને ગેસ કનેકશન આપવા, દલિત વંચિત પીડિતોને રાહતો આપવાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે એમપણ કહ્યું હતું કે સરકાર ગંભીરતાથી આગળ વધી રહી છે.



### પ્રાંતિયા ગામે અવાવરુ કુવામાં ખાબકેલી ગાયને ગૌરક્ષકોએ બચાવી

ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા ગામની સીમમાં નેશનલ હાઈવે નં-૮ પાસે જય રણછોડ ફાર્મની પાસે એક અવાવરુ કુવામાં રખડતી ગાય અચાનક પડી ગઈ હતી. આ ગાય અંદર પડી હોવાની જાણ ફાર્મના માલિકને થતા તાત્કાલીક તેઓએ ગાંધીનગરની જલારામ હેલ્પ લાઈનનો સંપર્ક કરતા તાત્કાલીક ડોકટરની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી. ત્યારબાદ પોલીસ, ફાયર બ્રિગેડ અને ગામના ગૌરક્ષકોની ટીમ બનાવ સ્થળે પહોંચી ગઈ હતી. ત્યારબાદ ગાયને કુવામાંથી બહાર નીકાળવાના પ્રયત્નો શરુ કર્યા હતા. સવારે ૯ થી ૨ કલાક દરમ્યાનની ભારે જહેમત બાદ ગાયને બહાર નીકાળવામાં સફળતા મળી હતી.

## જીએમ સરસવને માન્ય કરવાની હિલચાલ સામે ભારતીય કિસાન સંઘનો ઉગ્ર વિરોધ

ગાંધીનગર તા ૨૨

જી એમ ટેકનોલોજીના વિરોધ સાથે કપાસ, મગફળી,ડાંગર સહીતના પાકો તત્કાલ ટેકાના ભાવે ખરીદીના કેન્દ્રો શરૂ કરવાની માંગણીને અનુલક્ષી ભારતીય કિસાન સંઘ દ્વારા સોમવારે ધરણાનો કાર્યક્રમ યોજાશે. જીવસૃષ્ટી વિરૂધ્ધના પ્રયાસને રોકવા કિસાન સંઘ દ્વારા આવેદનપત્ર એનાયત કરવામાં આવશે.

ભારતીય કિસાન સંઘના પ્રદેશ મહામંત્રી વિઠલભાઈ દુધાત્રાના જણાવ્યા મુજબ કેન્દ્ર સરકારની જીનેટીક એન્જીનિયરીંગ કમિટી દ્વારા જીએમ સરસવ બીજને મંજુરી આપવા પેરવી કરવામાં આવી રહી છે. જ્યારે કિસાન સંઘ દ્વારા પ્રારંભથી જ જીએમ ટેકનોલોજીનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ પેરવી સામે કિસાન સંઘ દ્વારા જિલ્લા કક્ષાએ તા.૨૪ ઓકટોબરે આવેદનપત્ર આપી ધરણાનો કાર્યક્રમ આપવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યા મુજબ વર્ષ ૨૦૦૬માં રીંગણ માટે પણ સુપ્રિમકોર્ટ દ્વારા બનેલી ટેકનીકલ સમિતિએ ફિલ્ડ ટ્રાયલ માટે મનાઈ કરી હતી. જ્યારે સંસદની સ્થાઈ સમિતિએ પણ રીંગણની મંજુરી રોકી હતી. આવા સંજોગોમાં હવે સરસવ બીજને મંજુરી આપવા કાર્યવાહી થઈ રહી છે.પરંતુ ભારતીય કાનૂન પ્લાન્ટ એકટ ૨૦૦૧ હેઠળ આ ગેરકાનુની છે. કિસાનોનો બિજાધિકાર હંમેશ માટે ખતમ કરી દેવાની પેરવી સમાન છે. જીએમનો બાન કરો, જીઈએસીની તપાસ કરોની પ્રબળ માંગ સાથે તા.૨૪ ઓક્ટોબરના રોજ જિલ્લા પ્રદેશ કક્ષાએ તેમજ દિલ્લી સ્થિત જંતર મંતર પર દેશની રાષ્ટ્રીય વિચારધારાવાળા સંગઠનો સામુહિક રીતે પ્રતિક ધરણાનો કાર્યક્રમ યોજશે. આ દરમિયાન ચોમાસુ પાકોને અનુલક્ષીને માર્કેટ યાર્ડમાં ટેકાના ભાવથી હરાજી થાય તેમજ મગફળી, કપાસ, ડાંગર અને કઠોળ સહિતની ખરીદીનો પ્રારંભ કરવાની માંગણી સાથે આવેદનપત્ર પણ એનાયત કરવામાં આવશે.

### જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની બેઠક ૨૫મીએ મળશે

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની બેઠક આગામી ૨૫મીએ પંચાયત કચેરી ખાતે મળશે. આ બેઠકમાં માર્ચ ૨૦૧૬ અંતિત હિસાબોનું આખરીકરણ કરાશે તેમજ જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરીના રિનોવેશનને બહાલી આપવા સહિત વહીવટીય કામગીરી કરશે.

કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકીના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં સે. ૧૫ ખાતે સિંચાઈ વિભાગની કચેરીના પાર્ટીશન અંગેના નિર્ણયને પણ બહાલી આપશે. આ ઉપરાંત જિલ્લા પંચાયતના વકીલોની પેનલ જે છે તેની ફીના ધોરણો પણ આ બેઠકમાં નિયત કરવામાં આવશે.

## મારા મા-બાપ મરી ગયા ને કાકાને મિલ્કત પચાવી લેવી છે

**કલોલથી મળી આવેલા ૧૨ વર્ષીય પરપ્રાંતીય બાળકનું ત્રણ મહીને પરિવાર સાથે મિલન : મનઘડંત વાતો કરી પોલીસને મુંઝવણમાં નાંખનાર મસ્તીખોર બાળકનો પરિવાર જીવિત મળ્યો : મામાએ ઠપકો આપતા ઘર છોડ્યું હતું**

ગાંધીનગર, તા. ૨૨

''સાહેબ મારા મા-બાપ કાર એક્સિડન્ટમાં મૃત્યુ પામ્યાં છે, મારા કાકા-કાકી મિલ્કત પચાવી પાડવા મને ફરવાના બહાને લાવી અહીં કલોલ મુકી ગયા છે'' આવી કેફિયત રજૂ કરનાર માત્ર ૧૨ વર્ષીય પરપ્રાંતિય બાળક જીતુને ત્રણ ત્રણ માસના કાઉન્સેલીંગ બાદ તેના માતા-પિતા-મામા સાથે મેળવી અપાયો છે. પોતાના હયાત મા-બાપ અકસ્માતમાં મૃત્યું પામ્યાં છે તેવી મનઘડંત કહાની રજૂ કરનાર આ પરપ્રાંતિય બાળક પોલીસને કલોલના બજારમાંથી બિનવારસી હાલતમાં મળી આવ્યો હતો જેને ત્રણ માસ સુધી બાળ સંરક્ષણ ગૃહમાં મોકલી અપાયો હતો જ્યાં તેનું સતત કાઉન્સેલીંગ કરાતા અંતે આ બધી વાતો પોકળ સાબિત થઈ હતી.

બાળકના પરપ્રાંતિય પરિવારે મજૂરી કરી આજીવિકા રળવા કલોલમાં રહેતા સગા જે આ બાળકના મામા થાય છે તેમના ત્યાં સ્થાયી થવાનું નક્કી કર્યું હતું. કલોલમાં સ્થાયી થયા બાદ અત્યંત મસ્તીખોર બાળકને એકવાર મામાએ ઠપકો આપતા તેને લાગી આવ્યું અને તે ઘર છોડી નીકળી ગયો હતો. સ્થાનિક ભૂગોળથી અજાણ એવો આ બાળક કલોલના બજારમાં બિનવારસી હાલતમાં શંકાસ્પદ હીલચાલ સાથે મળી આવ્યો હતો જેને પોલીસ બાળ સંરક્ષણ ગૃહમાં મોકલી આપ્યો હતો. અહીં તેણે પોતાના માતા-પિતા કાર અકસ્માતમાં માર્યા ગયા હોવાનું અને સગા કાકા-કાકી પ્રોપર્ટી પચાવી લેવા તેને ફરવાના બહાને લાવી અહીં છોડી ગયા હોવાની લાંબીલચક મનઘડંત વાર્તા રજૂ કરી હતી. ત્રણ-ત્રણ માસના સતત કાઉન્સલીંગના અંતે મળેલ વિગતના આધારે સાંતેજ પોલીસ સ્ટેશનના અધિકારીઓ બી.એન. દવે અને ચિરાગ પરમારની મદદથી બાળકના વાલી-વારસની શોધખોળ હાથ ધરાઈ હતી. અંતે આ બાળકના માતા-પિતા જીવિત મળી આવ્યા હતા અને તેમનું બાળક સાથે મિલન કરાવવામાં આવ્યું હતું.

## મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

નવી પેઢીના યુવાનો જો દરરોજ ઘેરથી બહાર નીકળે અને માતા-પિતાને પગે લાગીને બહાર જવાનો નિયમ બનાવે તો ધીમે ધીમે આખા પરિવારમાં એક સકારાત્મક ઊર્જા પ્રવેશ કરશે અને બધું બદલાવા લાગશે. ગમે તેવા કઠોર પિતા પણ પુત્રના બે ચાર છ દિવસ નમવાથી પીગળી જશે. અને ભૂતકાળમાં નવું બાઈક કે નવું લેપટોપ કે નવો મોબાઈલ અપાવવાની ના કહી હશે તો શક્ય છે પુત્રના આ પરિવર્તનથી પિતા પુત્રની એ ઈચ્છા પણ પૂરી કરશે. અને પોતાની જીદ છોડીને કહેશે કે ''ચાલ દીકરા, તારે કયું બાઈક લેવું છે ? કે કયો મોબાઈલ લેવો છે ? '' વળી ઘરનું બગડેલું વાતાવરણ ધીમે ધીમે આપોઆપ સુધરી જશે. ઘરના અન્ય નાના સભ્યો પણ મોટાને પગે લાગતા થઈ જશે. આદર માન સન્માન આપતા થઈ જશે. બાકી આજે કોઈને માન સન્માન આપવું, કોઈની પ્રશંસા કરવી ખૂબ અઘરું છે. કોઈને નમવાથી આપણે આ પણ મેળવી શકીએ છીએ. આપણે ત્યા હાથ મિલાવવાની, ભેટવાની પ્રથા અંગ્રેજોને કારણે આવી એમાં પણ મૂળ હેતું તો એકબીજાની સકારાત્મક ઊર્જા મેળવવાનો જ છે. અને ભેટવાથી તો આપણે આખા ઓરો વર્તૂળમાં પ્રવેશીને ઘણું બધું મેળવીએ છીએ. પણ નમીને ભેટવાથી સામેની વ્યક્તિનું આખું ભાવ પરિવર્તન થાય છે. અને એની સકારાત્મક ઊર્જા આપણામાં પ્રવેશે છે. બે હાથ જોડીને પગે લાગવાની ક્રિયા પણ વૈજ્ઞાનિક રીતે ઉપયોગી છે. બન્ને હાથ જોડવાથી એમાં હથેળીઓમાં રહેલા નાના નાના પોઈન્ટ દબાય છે અને આખા શરીરમાં એની અસર પહોંચે છે. આવું વારંવાર કરવાથી એકદમ સ્વસ્થ અને નિરોગી રહેવાય છે.

આમ જીવનમાં હંમેશાં નમવાથી કશું ય ગૂમાવવાનું નથી. અને માન સન્માન આદર આપવા એ તો આપણી પરંપરા છે સંસ્કાર છે. બાકી હવા ભરેલો ફૂગ્ગો ઉપર તો જલદી પહોંચી જાય છે. પણ એ ત્યાં ટકી શકતો નથી. એને ફૂટવું જ પડે છે. અને ફૂટીને વિખેરાઈ જવું એના કરતા એકબીજાને નમીને, ગમીને રહેવું એ જ સાચું જીવન છે, સંસ્કાર છે.

તો આવો આપણે સૌ આજથી એકબીજાને માન સન્માન આપીને એકબીજાને નમતા રહીશું ગમતા રહીશું – સાથે જમતા રહીશું અને પરિવાર તથા સમાજ સ્કારાત્મક ઊર્જાનો આવિર્ભાવ કરતા રહીશું. – અંતે મારી ગઝલના બે શે'ર

એકબીજાને ગમતા રહીએ  
થોડું થોડું નમતા રહીએ  
વાંધા વચકા મૂકી દઈને સૌની  
સાથે ઉડતા રહીએ  
જીવનનો શું હોય ભરોસો ?  
હૈયું ખોલી રમતા રહીએ  
આંસુને હૈયામાં ધરબી  
હરદમ હંમેશ હસતા રહીએ

-9426060601.india@gmail.com

## રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

કાર-બાઈકના સ્પેરપાર્ટસ, કમ્પ્યુટર, એન્ટીબાયોટીક દવાઓ, દુરસંચાર, મોબાઈલ અને ઉર્જા જેવા ક્ષેત્રોમાં પણ છે જ. રમકડા અને લાઈટીંગની ભારતીય બજારને તો ચીની માલને લીધે લકવો જ લાગી ગયો છે. ચીની સમાનને રોકવો જ જોઈએ પણ એના માટે પહેલા તો ભારતીય સરકાર અને ઉત્પાદકોએ ચીની માલની સ્પર્ધામાં વધુ સારો અને સસ્તો માલ બનાવવો પડે અને એ પણ બજારની માંગને પહોચી વળે એટલા જથ્થામાં. મેક ઈન ઈન્ડિયા અને બીજી યોજનોની અસર થઈ રહી છે પણ હજુ ઉત્પાદન બહુ પાંગળું અને મોંઘુ છે જ. સરકાર પણ એવી ચાઈનીઝ પ્રોડક્ટ પર બેન લગાવે અને ભારતીય ઉત્પાદકોને મોકળું મેદાન આપે તો કંઈક બાત બને જેમકે સરકારે ઘણી નકલી ચીની ચીજો પર બેન લગાવ્યો જ છે. સરકાર ચાઈનીઝ વસ્તુઓ પર 'એન્ટી ડમ્પિંગ ડ્યુટી' મારી શકે છે કે જેનાથી આયાતી માલ મોંઘો બને ભારતીય ઉત્પાદક પોતાનો માલ વહેચી શકે. દિલ્હીના વેપારીઓએ કેન્સલ કરેલા ૧૫૦ કરોડના ચીની સામાનના ઓર્ડર કે રેવડી હરિયાણાના વેપારીઓએ ચીની માલ નહિ વેચવાનો કરેલો નિર્ધાર સારી વાત છે. દિલ્હી વેપારી એશોશીયેશનના કહેવા મુજબ આ વર્ષે ચાઈનીઝ ફટાકડાની આયાત ઓછી થઈ છે પણ આટલું પુરતું એટલા માટે નથી કે ચીનને આર્થિક રીતે હરાવવા માટે આવા છૂટમુટ નહિ પણ સઘન અને સર્વત્ર પ્રયત્નો કરવા પડશે. ચીની સમાન ટકાઉ નથી હોતો એનો લાભ લઈને ભારતીય ઉત્પાદકોએ વધુ સારી ગુણવત્તાવાળી પ્રોડક્ટ્સ બજારમાં લાવવી પડશે. ધીરેધીરે ચાઈનીઝ માલની જગ્યાએ જો ભારતીય માલ એટલી જ કિમતમાં મળતો થશે તો જ આ ડ્રેગનથી છુટકારો મળશે અને એના માટે સરકારે વધુ અને પ્રજાએ મક્કમ નીર્ધારો કરવા જ પડશે નહિતર ચીની ડ્રેગન ધીરે ધીરે ભારતીય ઉત્પાદકોનો કોળીયો કરી જશે એ નક્કી છે. ચાઈનીઝ માલના બહિષ્કારથી ભલે એક-બે વર્ષ ભારતીય આયાતકારોને નુકશાન થાય પણ જો એવું કરતા બીજી વાર એ લોકો ચાઈનીઝ માલ મંગાવે જ નહિ તો ધીરે ધીરે ડ્રેગનનું ઉંદરમાં રૂપાંતરણ થઈ જાય એવું પણ બને !!!

## સેક્ટર-૧૨માં ચિકનગુનિયાનો કેસ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના સે. ૧૨નો યુવક ચિકનગુનિયામાં સપડાયો છે. જો કે સારવાર બાદ તેને હવે સારૂ હોવાનો તંત્રનો દાવો છે.

મળતી વિગતો પ્રમાણે આ યુવક ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જ એક ખાનગી કંપનીમાં ફરજો બજાવે છે. તે સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયેલ. આ કેસની વિગતો તંત્રના ધ્યાને આવતાં જ તાત્કાલિક તેના નિવાસસ્થાન અને આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સ તેમજ એન્ટી લારવેલની કામગીરી કરી દીધી હતી.

ગાંધીનગર શહેરમાં આ સિઝનનો પ્રથમ ચિકનગુનિયાનો કેસ નોંધાયો છે. તંત્ર વાહકજન્ય રોગચાળા અંગે સંવેદનશીલ બની નજર રાખી રહેલ છે. તંત્રએ છેલ્લા પાંચ દિવસમાં શહેરમાંથી ૧૪૪૦ જેટલા સ્થાનોએથી મચ્છરોના બ્રિડીંગ શોધી તેનો નાશ કરેલ છે જે ઉલ્લેખનીય છે.

**પ્રજાપતિ બેસણું / સુંવાળા**



મારા ધર્મપત્ની **બબુબેન ધનાભાઈ પ્રજાપતિ** નું તા. ૧૯-૧૦-૨૦૧૬ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૨૪-૧૦-૨૦૧૬ને સોમવારના રોજ સવારે ૯ થી ૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

કાંણ-માંકણ બંધ છે

સ્થળ :- ચંદ્રિકામાતાના મંદિર પાસે, હનુમાનજીની વાડી, પેથાપુર, જી. ગાંધીનગર. મો.૯૮૨૪૬ ૪૭૪૫૧

ધનાભાઈ ચીમનભાઈ પ્રજાપતિ  
બળદેવભાઈ ચીમનભાઈ પ્રજાપતિ  
રાજુભાઈ બળદેવભાઈ પ્રજાપતિ  
રમેશભાઈ ધનાભાઈ પ્રજાપતિ (ભાણાભાઈ-ગાયક કલાકાર,પેથાપુર)  
કનુભાઈ ધનાભાઈ પ્રજાપતિ  
સંદિપભાઈ ધનાભાઈ પ્રજાપતિ

ભજન સંધ્યા : તા.૨૭-૧૦-૧૬, રામદેવપીરનો પાઠ : ૯ કલાકે

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે  
પ્રજાપતિ ડાહ્યાભાઈ સોમનાથ (મામા)

**ટચૂકડી જાહેર ખબર**

**વેચવાની છે**

ડીસ્પેન્સરીય વિસ્તારમાં ડીસ્પેન્સરી, પેથોલોજી લેબોરેટરી, મેડીકલ સ્ટોરનો લાયક ઘાટલોડિયામાં ટેનામેન્ટ.

સંપર્ક કરો  
૯૪૨૭૦ ૩૯૯૨૪

### જાહેર નિવિદા નં. ૧૪ સને ૨૦૧૬-૨૦૧૭

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૧, પાટનગર યોજનવા ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬, દ્વારા વિજળીકરણને લગતા ૫ કામ જેની અંદાજીત કિંમત રૂ. ૧૮,૬૨૯.૦૦ થી રૂ. ૮૧,૬૦૦.૦૦ સુધીની છે. આ કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા વિદ્યુત કામના ઠેકેદારશ્રી પાસેથી ટેન્ડરો માંગવામાં આવેલ છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૨૭/૧૦/૨૦૧૬ બપોરે ૨.૦૦ વાગ્યા સુધી છે. ટેન્ડર પરત મેળવવાની તા. ૪/૧૧૨૦૧૬ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે. માહિતી/૧૮૫૬/૧૬-૧૭



શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ

નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર  
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ

દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય

સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.  
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.

એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.  
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮  
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™  
Autoclaved Aerated Concrete Blocks  
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦  
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯  
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,  
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર  
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ